©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 03rd JULY, 2025/ASHADHA 12, 1947 [No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) હેઠળનો

હુકમ

નં. મેજી-૨/સ્થા.સ્વ.ચૂં.-૨૫/૧૭/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૧-૦૧-૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૧૬-૦૨-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૧૮-૦૨-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૧-૦૧-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

આ ચૂંટણી દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં ચૂંટણી અનુસંધાને ઉમેદવાર કે સંભવિત ઉમેદવાર કે કોઈપણ રાજકીય પક્ષ કે કોઈપણ વ્યકિત/સંસ્થા દ્વારા ચૂંટણી સંબંધી સભા, સરઘસ/રેલી કે તેવો કોઈપણ કાર્યક્રમ યોજવામાં આવશે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરનો અભિગમ રહેલો છે. આથી સમગ્ર જિલ્લામાં જાહેર સુલેહશાંતિ અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પગલા લેવાનું ઉચિત જણાય છે. ચૂંટણી સંબંધી કાર્યક્રમોમાં અને જાહેર સ્થળોએ લોકો તેમના પરવાનાવાળા હથિયાર સાથે રાખીને એકઠા થાય કે પસાર થાય તો લોકોમાં ભયમુકત વાતાવરણ ઉભુ કરવાનો હેતુ જળવાઈ રહે નહી. વધુમાં મતદાનની પ્રક્રિયા તેમજ મત ગણતરીની પ્રક્રિયા શાંતિપુર્ણ વાતાવરણમાં પુરે કરી શકાય તે માટે પરવાનાવાળા હથિયારો ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા લેવાનું વ્યાજબી અને યોગ્ય જણાય હોઈ, સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/સીઓસી/સ્થા.સ્વ./૧૩૮(૧)/૧૧૨૦૨૧/ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી આદર્શ આચાર સંહિતાના અમલીકરણની સુચનાઓ ધ્યાને લેતા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) મુજબ પગલાં લેવા માટે પુરતા કારણો હોય અને અત્રેની રચાયેલ જિલ્લા સ્ક્રિનીંગ કમિટીની તા. ૨૩-૦૧-૨૦૨૫ના રોજ રાખવામાં આવેલ બેઠકમાં નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો.

તેથી હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવુ છું કે,

સ્થાનિક સ્વારાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ ફેબ્રુઆરી-૨૦૨૫ માં મોરબી જિલ્લામાં આવેલ હળવદ નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર, વાંકાનેર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર, માળીયા(મીં.) નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર તેમજ ૨-ચંદ્રપુર તાલુકા પંચાયત મતદાર વિભાગ (વાંકાનેર) અને ૧૨-સરવડ તાલુકા પંચાયત મતદાર વિભાગ (માળીયા મીં.) માં સમાવિષ્ટ થતા વિસ્તારમાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી આપવામાં આવેલ હોય, તેવા તમામ પરવાનેદારશ્રીઓને પરવાના તળેના હથિયારો સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવા બાબતે વ્યકિતગત રીતે અત્રેની કચેરીના તા. ૩૦-૦૧-૨૦૨૫ના નોટીસ ક્રમાંક : જે/મેજી-૧/હ.થ.પ. જમા/વશી/૨૩૦૧/૨૦૨૫ થી

નોટીસ આપવામાં આવેલ હોય તેવા, તે ઉપરાંત અન્ય પરવાનેદારોના તથા ભારત દેશના કોઈપણ રાજ્યના કોઈપણ હથિયાર લાયસન્સ આપનાર સતાધિકારીશ્રી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય, તેવા તમામ આત્મરક્ષણના/પાકરક્ષણના પરવાનેદારો (નીચે જણાવેલ અપવાદ સિવાયના) એ તેમના પરવાને તળેના હથિયાર તા. ૦૪-૦૨-૨૦૨૫ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં જમા કરાવી તે અંગેની પહોંચ મેળવી લેવાની રહેશે.

અપવાદ :

૧. ફરજ પર રોકાયેલા પોલીસ કર્મચારી/અધિકારીઓ કે જેઓની ફરજના ભાગ રૂપે શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૨. તમામ મેજીસ્ટ્રેટ, કસ્ટમ, ફોરેસ્ટ, ઈન્કટેક્ષ, સેન્ટ્રલ એકસાઈઝ, પોર્ટ, રેલવે, સંસરક્ષણની ત્રણેય પાંખોના અધિકારીઓ/કર્મચારીઓના હથિયારોને જમા કરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.

૩. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેંક, કોર્પોરેશન સહીત) ના નામે જે હથિયાર પરવાનો ધરાવતાં હોય તેમને તેમના પરવાના વાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

૪. ઔદ્યોગિક એકમો, ખાનગી સંસ્થાઓ, ટ્રસ્ટો વગેરે પોતે પરવાના ધરાવતી હોય તે સંસ્થા અને માન્યતા ધરાવતી સિકયુરીટી એજન્સીના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ. તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતાં હોય તેવા હથિયારધારી સિકયુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાં આથી મુકિત આપવામાં આવે છે. આવા સિકયુરીટી ગાર્ડએ તેઓ બેન્કમાં સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતાં હોય તે સંબંધિત એજન્સી/એકમનું ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે. તેમજ જે તે સંબંધિત એજન્સી/એકમના અધિકૃત અધિકારીશ્રીએ આવા સિક્યુરીટી ગાર્ડની વિગતવાર માહિતી જે તે સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે અને સબંધિત પોલીસ સ્ટેશને આ અંગે નિયમોનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

૫. શુટીંગની રમતના રમતવીર કે જેઓ વિવિધ સ્તરે રાષ્ટ્રીય રાઈફલ એસોસિએશનના સભ્ય છે અને તેમણે વિવિધ શુટીંગ સ્પર્ધામાં ભાગ લેવાનો થતો હોય જેમાં તેઓ તેમની રાઈફલનો ઉપયોગ કરે છે તેમના હથિયાર જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે.

૬. હથિયાર જમા કરાવવા બાબતે અત્રેની કચેરીથી રચાયેલ સ્ક્રિનીંગ કમિટી દ્વારા મુકિત મળેલ હોય તેને લાગુ પડશે નહી.

વધુમાં આથી આદેશ કરૂં છું કે, ઉપરોકત તમામ હથિયારો ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તા. ૨૧-૦૨-૨૦૨૫ પછી દિન-૭ માં સંબંધિત તમામ પરવાનેદારોને પરત સોંપી આપવા અંગેની કાર્યવાહી સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ પૂર્ણ કરી લેવાની રહેશે. આવા હથિયારો સમયસર પર મેળવી લેવાની જવાબદારી સંબંધિત પરવાનેદારની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૩૦ મુજબ સજાને પાત્ર થશે. જેની સર્વેએ નોંધ લેવી.

આ જાહેરનામા અન્વયે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના મોરબી જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ ની કલમ-૨૨(૧)(ખ) ની જોગવાઈ મુજબ હુકમની તારીખથી એટલે કે તા. ૩૧-૦૧-૨૦૨૫ થી તા. ૨૧-૦૨-૨૦૫ સુધી અમલમાં રહેશે. આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આજ રોજ તા. ૩૧મી, માહે જાન્યુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૩૧ માહે જાન્યુઆરી, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે બહાર પાડેલ

જાહેરનામું

નં. જે/એમએજી-૨/ભારે વાહન/જાહેરનામું/૨૫૦૨/૨૦૨૫.-પોલીસ ઈન્સપેકટરશ્રી, મોરબીના જા. નં. એલ.આઈ.બી./જા.નામું/રફાળેશ્વર મેળા/૧૨૯/૨૦૨૫, તા. ૨૫-૦૨-૨૦૨૫ ના પત્રથી આગામી તા. ૨૬-૦૨-૨૦૨૫ના રોજ શિવરાત્રી અન્વયે મોરબી તાલુકાના રફાળેશ્વર ગામ ખાતે આવેલ મહાદેવના મંદિર ખાતે મોટી સંખ્યામાં લોકો દર્શન અર્થે આવતા હોય છે તેમજ મહાદેવના મંદિરના પાછલના ભાગે આવેલ જાંબુડીયા ગ્રામ પંચાયતના ગ્રાઉન્ડમાં તા. ૨૫-૦૨-૨૦૨૫ તથા તા. ૨૬-૦૨-૨૦૨૫ (દિન-૨) સુધી લોકોમેળાનું આયોજન થનાર હોય, સદરહું જગ્યાએ આવવા માટે વાંકાનેર મોરબી નેશનલ હાઈવે પરથી રફાળેશ્વર ગામ થી જોધપર ગામ તરફ જવાનો રસ્તો આવતો હોય, જે રસ્તા પરથી મોટા પ્રમાણમાં ભારે વાહનો પસાર થતા હોય અને માર્ગો પણ સાંકળો હોવાથી શિવરાત્રીના તહેવાર અન્વયે માર્ગ પર પગપાળા ચાલતા લોકોની જનમેદની વધુ રહેનાર હોવાથી ભારે વાહનો અંદર આવવાથી અવાર નવાર ટ્રાફીકની સમસ્યા ઉદભવતી હોય, જેને દુર કરવા સારૂ ભારે વાહન વિષયક પ્રતિબંધ બાબતે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, મોરબી તરફથી મળેલ દરખાસ્તની પરતવે હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** અમોને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી અન્વયે મળેલ સત્તાની રૂએ શિવરાત્રી મેળાના અનુસંધાને તા. ૨૫-૦૨-૨૦૨૫ના સાંજના ક. ૧૭-૦૦ થી તા. ૨૬-૦૨-૨૦૨૫ ના રાત્રીના ક. ૨૪-૦૦ સુધી રફાળેશ્વર ચોકડી થી જોધપર ગામ તરફ જતો રસ્તા ઉપર ભારે વાહન પ્રતિબંધ બાબતનું આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વૈકલ્પિક રૂટ : રફાળેશ્વર, જોધપર તથા લીલાપર રોડ ઉપર આવતા જતા વાહનો ગુરૂદેવ હોટલ થી વેલનાથપરા ફાટક થઈ નેશનલ હાઈવે ખોડીયાર માતાજીના મંદિર પાસેથી બંન્ને તરફથી આવતા જતા વાહનો આવી જઈ શકશે.

મુક્તિ :

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનો, સરકારી વાહનો, નગરપાલિકાના વાહનો, પી.જી.વી.સી.એલ. ના વાહનો, સબ વાહીની, એમ્બ્યુલન્સ, ફાયર ફાયટર, સ્કુલ/કોલેજના વાહનો, સામાજિક કે ધાર્મિક કાર્ય સાથે સંકળાયેલા વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓ સાથે સંકળાયેલા તમામ વાહનો તેમજ પૂર્વ મંજુરી મેળવેલ હોય તેવા વાહનોને આ જાહેરનામાની જોગવાઈઓના અમલમાંથી મુકિત આપવામાં આવે છે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૨૫, માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

મોરબી, ૨૫ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ

હુકમ

નં. જે/એમએજી-૨/ARTO કચેરી/૪૦૯૩૭૬/૨૦૨૫.-સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, મોરબીના પત્ર નં. બિનઅધિકૃત/કાર્યવાહી/ઓન/૦૪૮, તા. ૨૦-૦૧-૨૦૨૫ના પત્રથી આરટીઓ કચેરીઓમાં તા. ૦૧-૦૭-૧૯૮૯ થી એજન્ટપ્રથા અમલમાં નથી. બિન અધિકૃત ઈસમો કચેરીના કમ્પાઉન્ડમાં લેભાગુ પ્રવૃતિઓ કરી, મોટરીંગ પબ્લિકને ભોળવી છેતરપીંડી કરતા હોય છે. આવી પ્રવૃતિઓ રોકવા અને મોટરીંગ પબ્લિકનું કામ સરળ, નિયમોનુસાર અને ઝડપી થાય અને તેઓના નાણાંનો ખોટી રીતે વ્યય ન થાય તે માટે સરકારશ્રીની સુચનઓનો કડક અને સખ્તાઈપૂર્વક અમલ કરવો જરૂરી હોવાથી બિન-અધિકૃત વ્યકિતઓની કચેરીમાં પ્રવેશબંધી અંગેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

જેથી આવી પ્રવૃતિ અટકાવવા માટે સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, મોરબીની કચેરી સહિત સમગ્ર કમ્પાઉનડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ, પોતાના સરકારી કામ માટે આવેલ હોય અથવા વાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, મોરબીની કચેરી સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસરની પ્રવૃતિઓ અટકાવવા તથા આવી પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ મુકવો જાહેર જનતાના હિતમાં જરૂરી જણાય છે.

જેથી હું, **કે. બી. ઝવેરી, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** અમોને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ વાંકાનેર મોરબી નેશનલ હાઈવે જાંબુડીયા ખાતે આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કેચરી, મોરબીની કચેરી સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં, આ કચેરીમાં કામ કરતા સરકારી અધિકારી/કર્મચારીશ્રીઓ, પોાતના સરકારી કામ માટે આવેલ હોય અથવા વાજબી કામ સબબ આવેલા હોય તેવા અરજદારો/નાગરિકો સિવાયના અનઅધિકૃત વ્યકિત અથવા વ્યકિતઓની ટોળીને સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તારમાં પ્રવેશતા અટકાવવા, ઉભા રહેવા તથા ઉપર દર્શાવેલ મુજબની ગેરકાયદેસરની પ્રવૃતિઓ અટકાવવા તથા આવી પ્રવૃતિઓ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

હુકમનો પ્રતિબંધિત વિસ્તાર :

વાંકાનેર મોરબી નેશનલ હાઈવે જાંબુડીયા ખાતે આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની કચેરી, મોરબીની કચેરી સહિત સમગ્ર કમ્પાઉન્ડ વિસ્તાર.

હુકમનો સમયગાળો :

આ હુકમ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર બનશે.

આજ તા. ૧૦, માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી હુકમ બહાર પાડેલ છે.

મોરબી, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તળે બહાર પાડેલ

હુકમ

નં. મેજી-૨/સ્થા. સ્વ. ચૂં.૨૫/૧૮/૨૦૨૫.-ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ તા. ૨૧-૦૧-૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે. જે પૈકી ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા. ૧૬-૦૨-૨૦૨૫ના રોજ મતદાન થનાર છે તેમજ તા. ૧૮-૧૨-૨૦૨૫ના રોજ મતગણતરી થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૧-૦૧-૨૦૨૫ના રોજ કરવામાં આવેલ છે. સદરહું તારીખથી મોરબી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવેલ છે.

ક્રમ	સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનું નામ	મતગણતરીનું સ્થળ
૧	હળવદ નગરપાલિકા	મોડેલ સ્કુલ-હળવદ
૨	વાંકાનેર નગરપાલિકા	અમરસિંહજી હાઈસ્કુલ, ૮-એ નેશનલ હાઈ-વેની બાજુમાં, વાંકાનેર
૩	૨-ચંદ્રપુર તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. વાંકાનેર	અમરસિંહજી હાઈસ્કુલ, ૮-એ નેશનલ હાઈ-વેની બાજુમાં, વાંકાનેર
૪	૧૨-સરવડ તાલુકા પંચાયત મતદાર મંડળ, તા. માળીયા(મીં.)	પ્રથમ માળ, મોડેલ સ્કુલ, મોટી બરાર, તા. માળીયા(મીં.), જિ. મોરબી

ઉપરોક્ત મતગણતરી કેન્દ્રો ખાતે તા. ૧૮-૦૨-૨૦૨૫ના રોજ મતગણતરીની કાર્યવાહી શાંતિપૂર્ણ વાતાવરણમાં થઈ શકે, મતગણતરી દરમ્યાન કોઈપણ વ્યકિત ખલેલ પહોંચાડે નહી તથા મતગણતરી સ્થળે વ્યવસ્થામાં કોઈ બાધ કે વિક્ષેપ ન થાય તે માટે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાતો હોય, રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/નપા/નપં/સચલ/૯૯, તા. ૨૨-૧૨-૧૯૯૯ના આદેશ મુજબ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ હું, **કે. બી. ઝવેરી, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** ઉકત જણાવેલ મતગણતરી કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં તા. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ નીચે જણાવ્યા મુજબ અમલવારી કરવા હુકમ ફરમાવું છું.

: કૃત્યો :

૧. કોઈપણ વ્યકિત સક્ષમ અધિકારી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ફોટોગ્રાફ સહિતના અધિકૃત પ્રવેશ પાસ વિના મતગણતરી કેન્દ્રમાં દાખલ થશે નહીં તેમજ આવા પ્રવેશ પાસ સરળતાથી દેખાઈ આવે તે રીતે પ્રદર્શીત કરશે.

૨. મતગણતરીના કેન્દ્રની આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં સક્ષમ અધિકારી પાસેથી પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહી અથવા કોઈ સભા ભરી શકશે નહી કે કોઈ સરઘસ કાઢી શકશે નહી.

૩. કોઈપણ વ્યકિત કે જેમાં ઉમેદવાર તેમના ચૂંટણી એજન્ટ તેમજ મતગણતરી એજન્ટ સહિતના કોઈપણ વ્યકિત મતગણતરી હોલમાં કે મતગણતરી કેન્દ્રની કમ્પાઉન્ડ વોલ સહિતના પ્રીમાઈસીસમાં મોબાઈલ ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશાવ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

૪. ઉમેદવાર તેમના ચૂંટણી એજન્ટ કે તેમના મતગણતરી એજન્ટ કે જેમને જે-તે મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશ માટે પ્રવેશ પાસ ઈસ્યુ કરવામાં આવેલ હોય તે સિવાયના અન્ય મતદાર વિભાગના મતગણતરી હોલમાં પ્રવેશી શકશે નહી.

૫. મતગણતરી સ્થળમાં પ્રવેશ માટેના પાસ ઈસ્યુ કરવા માટે સબંધિત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

૬. મતગણતરી કેન્દ્ર પર સક્ષમ અધિકારીશ્રીએ નક્કી કરેલ પાર્કીંગ સ્થળે જ વાહન પાર્કીંગ કરવાનું રહેશે.

: અપવાદ :

આ હુકમના ખંડ-૨, ૩ અને ૬ માંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) મતગણતરી તેમજ મતગણતરીના સંચાલન અંગેની ફરજ જે અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને સોંપવામાં આવેલ છે તે તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા

(૨) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડના અધિકારી તથા જવાનો

આ જાહેરનામું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની જોગવાઈ મુજબ હુકમની તારીખ એટલે કે તા. ૧૮-૦૨-૨૦૨૫ના રોજ અમલમાં રહેશે તેમજ આ હુકમની બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા. ૧૦, માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

કે. બી. ઝવેરી
જિલ્લા મેજીસ્ટ્રેટ,
મોરબી.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક.૩૭(૧)જા.નામુ/૨૭૦૭/૨૦૨૫.-આગામી માહે માર્ચ-૨૦૨૫ના માસમાં મોરબી જિલ્લાની હાલમાં પ્રવર્તમાન પરિસ્થિતીમાં કાયદો અને વ્યવસ્થા તથા લોકોના જાનમાલની સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો બનવા ન પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ આ નીચે દર્શાવ્યા મુજબના વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

કૃત્યો :

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની, જેનાથી સુરુચિ અથવા નિતિઓનો ભંગ થાય તેવા ભાષણ કરવાની તથા ભેદભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડ, પત્રિકા અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બતાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :

મોરબી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ હુકમના ખંડ-૧ તથા ૨ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

(૨) સક્ષમ સતાધિકારીશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ ધ્વારા લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્ય પત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવુ છું.

આજ તા. ૨૮મી, માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી હુકમ બહાર પાડ્યો.

મોરબી, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ક.૩૭(૩)જા.નામું./૨૭૦૨/૨૦૨૫.-આગામી માહે માર્ચ-૨૦૨૫ ના માસમાં મોરબી જિલ્લામાં હાલમાં જુદા જુદા સંવર્ગના સરકારી કર્મચારીઓની વિવિધ માંગો અને સામાજિક સંગઠનો તેમજ રાજકીય પક્ષોની સરકારશ્રી વિરૂધ્ધ જુદા જુદા પ્રશ્નોની રજુઆત અન્વયે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સભા, સરઘસ, આંદોલન, રેલીના પ્રતિબંધ માટે જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ પેટા કલમ-૩ નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી,** આથી આદેશ કરૂં છું કે, મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૨૫ થી તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધી સક્ષમ અધિકારીની મંજુરી વિના જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે સરઘસ કાઢવું નહી.

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને, સંસ્થાને.

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાન યાત્રાને.

(૬) સરકારશ્રીના વિવિધ વિભાગો, બોર્ડ-નિગમ દ્વારા આયોજીત કાર્યક્રમો.

હું એવો આદેશ કરૂ છુ કે આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનુ રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ ની તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨૮મી, માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/જાહેર સ્થળ/સીસીટીવી/કેમેરા/જા.નામુ/વશી-૨૭૦૨/૨૦૨૫.-પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી., મોરબીના તા. ૨૫-૦૨-૨૦૨૫ ના પત્રથી જણાવ્યાનુસાર રાજ્યના અમુક વિસ્તારોમાં બેંક અને એ.ટી.એમ. (A.T.M.) સેન્ટરમાંથી રૂપિયા લઈ બહાર નીકળનાર બેન્કના ગ્રાહકો સાથે ચોરી/લુંટના બનાવો બનવા પામેલ છે. આ પ્રકારના ગુન્હા આચરતી વખતે ગુન્હાહીત તત્વો બેકમાં અને એ.ટી.એમ. સેન્ટરમાં રેકી (અભ્યાસ) કરવા અવશ્ય આવતા હોય છે. આવા પ્રકારના બનાવો મોરબી જિલ્લા વિસ્તારમાં બનતા નિવારી શકાય તે હેતુથી અને બેંકોની સુરક્ષાના દ્રષ્ટિકોણને ધ્યાને લઈ તથા બેંક તથા એ.ટી.એમ (A.T.M.) સેન્ટરની અંદર-બહાર વ્યુહાત્મક સ્થાને લાંબા સમય સુધી રેકોર્ડીંગ રહી શકે તે પ્રકારના કેમેરા (C.C.T.V.) લગાડવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી., મોરબીના તા. ૨૫-૦૨-૨૦૨૫ ના પત્ર નં. એલ.આઈ.બી./જાહેરનામું/૧૦૪/૨૦૨૫ થી જણાવ્યાનુસાર શહેરમાં અને હાઈ-વે પર આવેલ મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરી, એન્ટીક મુર્તિઓની ચોરી, ધાડ અને લુંટના બનાવો બનવા પામેલ હોય નાગરીકો અસલામતિ અનુભવે છે. આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોને પકડવાનું મુશ્કેલ બને છે. પરંતુ આ પ્રકારના ગુન્હાઓ આચરતા ગુન્હેગારોની પુછપરછ દરમિયાન એવું જણાયેલ છે કે, ગુન્હેગારો ગુનો આચરતી વેળા વાહનનો ઉપયોગ કરે છે અને ગુન્હો કર્યા બાદ ૫૦ થી ૬૦ કી.મી. દુર જઈ હાઈ-વે પરના કે જિલ્લાના મુખ્ય રોડ પર આવેલ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ/ડીઝલ તેમના વાહનોમાં ભરાવે છે. એટલું જ નહીં ગુન્હો કરવા આવે ત્યારે કે પરત જતી વખતે હાઈ-વે પરની હોટલોમાં ચા-પાણી પીવે કે જમતા હોય છે. આવા ગંભીર ગુન્હાઓ ઈન્વેસ્ટીગેશન દરમિયાન ગુન્હેગારોને શોધી કાઢવા માટે હાઈ-વે પરના દરેક પેટ્રોલ પંપો અને દરેક હોટલો પર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન હાઈડેફીનેશનવાળા) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ હોવી જરૂરી છે. જેથી ગુના બનતા અટકાવી શકાય અને ગુનો બને તો તેવા સંજોગોમાં ગુન્હેગારોને પકડી કાયદાનુસાર નશ્યત પહોંચાડી શકાય તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલ્કતને નુકસાન ન થાય તે માટે તકેદારીના પગલા રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેંચનાર શો-રૂમ તથા બીગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, શોપીંગ સેન્ટર, પેટ્રોલ પંપ, પેટ્રોલ પંપોની આજુબાજુમાં આવેલ દુકાનો, હાઈ-વે પરની હોટલો વગેરે જગ્યાઓ પર કેટલાક નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

મોરબી જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. (A.T.M.) સેન્ટરો, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાતના શો-રૂમ તથા બીગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, એલ.પી.જી. તથા પેટ્રોલ-ડીઝલના પેટ્રોલીયમ કંપનીના સ્ટોરેજ ડેપોના પ્રવેશદ્વાર પર સીકયુરીટી મેન ફરજ પર નિયુક્ત કરવાના રહેશે તથા પ્રવેશ દ્વાર પર તથા બહાર નીકળવાના દ્વારે રોડ પરથી પ્રવેશ કરનાર અને બહાર નીકળનારના રોડ સુધીના રેકોર્ડીંગ પ્રાપ્ત થઈ શકે તે રીતે રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કીંગની જગ્યાઓ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લેવામાં આવે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. તેમજ હાઈ-વે પર આવેલ તમામ પેટ્રોલ પંપના ફીલીંગ સ્ટેશન પર તથા પેટ્રોલ પંપની આજુબાજુમાં આવેલ દુકાનો પર ગાડીના નંબર અને ગાડીના ડ્રાઈવર તથા ડ્રાઈવરની બાજુમાં બેસેલ વ્યક્તિનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે હાઈડેફીનેશનવાળા નાઈટ વિઝન ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા રાખવાના રહેશે. તેમજ મોરબી જિલ્લા વિસ્તારમાં આવેલ દરેક હોટલ, સિનેમાહોલ, રેલ્વે સ્ટેશન, એસ.ટી. બસ સ્ટેશન, ટોલ પ્લાઝા, મોલ્સ, મોટા મંદિરો, સાયબર કાફેમાં સારીકવોલીટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી માલીકો/વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ આ જાહેરનામા પ્રસિધ્ધિની તારીખથી દિન-૧૦માં ઉભી કરવાની રહેશે અને નવા શરૂ થતાં એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ ધંધો શરૂ કરવાનો રહેશે તેમજ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. GG/97/2022/SB5/PSM/102022/308, તા. ૧૬-૦૭-૨૦૨૨ અન્વયે સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ દિન-૩૦ સુધી રાખવાનું રહેશે. વધુમાં જ્યારે મોરબી જિલ્લામાં ગંભીર પ્રકારના શરીર/મિલ્કત સબંધી ગુનાઓ જેવા કે, ખુન, ખુનની કોશીશ, મારામારી, લુંટ અને ધાડ જેવા બનાવો બને છે. ત્યારે તે સમયના સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજ સી.સી.ટી.વી. કેમેરા લગાડનાર/માલિકો/વહીવટકર્તાઓએ આવા ગંભીર પ્રકારના બનાવોના સી.સી.ટી.વી. ફુટેજ પોલીસ તપાસના કામે પોલીસ સિવાય અન-અધિકૃત વ્યકિતઓને આપવાના રહેશે નહીં.

સી.સી.ટી.વી. કેમેરા કેવી રીતે ગોઠવવા :

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ, સંપૂર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) રોડ પરથી અંદર પ્રવેશતા અને રોડ સુધી બહાર જવા નીકળતા તમામ માણસોની અવર-જવર જોઈ શકાય અને તમામના ચહેરા સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા ગોઠવવા.

(૪) તમામ પાર્કીંગની જગ્યામાં સંપુર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૫) રીસેપ્શન કાઉન્ટર, બેઝમેન્ટ, રોકડ રકમના કેશ કાઉન્ટર તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કરવેજ થાય તે રીતે ગોઠવવા.

મુકિત :

મોરબી જિલ્લામાં આવેલ સરકારી સંસ્થાઓ, સરકારી કચેરીઓને આ જાહેરનામાંમાંથી મુકિત આપવામાં આવે છે.

અમલવારીનો સમય :

આ હુકમ તા. ૦૧-૦૩-૨૦૨૫ થી તા. ૩૦-૦૪-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

સજા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. મોરબી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરૂં છું. હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમ મોરબી જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૨૮ માહે ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સીક્કા હેઠળ હુકમ કર્યો.

મોરબી, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ

હુકમ

નં. જે/એમએજી/ગુજકેટ-૨૦૨૫/જા.નામુ/વશી-૧૧૦૩/૨૦૨૫.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મોરબીના તા. ૦૬-૦૩-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : પરીક્ષા/ગુજકેટ-૨૦૨૫/૧૫૧૦ ના પત્રની વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૫ ની પરીક્ષા મોરબી જિલ્લામાં આગામી તા. ૨૩-૦૩-૨૦૨૫ ના રવિવારના રોજ સમય સવારના ૧૦-૦૦ કલાકથી બપોરના ૧૬-૦૦ કલાક દરમ્યાન મોરબી શહેરમાં નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રમાં કોલમ-૪ માં દર્શાવ્યા મુજબના પરીક્ષા સમય મુજબના પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મી. આજુબાજુના વિસ્તારમાં ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય ન થાય તે માટે જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. ઉક્ત પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય અને પરીક્ષા કાર્યવાહીમાં કોઈપણ જાતની રૂકાવટ ન આવે તે માટે નીચે મુજબ હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ અધિકારની રૂએ હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** આથી મોરબી ખાતે ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધો.-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ગુજકેટ-૨૦૨૫ની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ નીચે મુજબના પરીક્ષા કેન્દ્રોમાં કોલમ-૪માં દર્શાવ્યા મુજબના પરિક્ષા સમય મુજબ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટર (એક સો મીટર)ના વિસ્તારમાં તા. ૨૩-૦૩-૨૦૨૫ ના રોજ પરીક્ષામાં ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં તેમજ પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્કયુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનીકસ ઉપકરણો લઈ જવા નહી તેમજ નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવું નહીં તેવો હુકમ ફરમાવું છું.

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું	પરિક્ષા સમય
૧	શ્રી એસ. વી. પટેલ કન્યા વિદ્યાલય	નવા બસ સ્ટેશન પાસે, શનાળા રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૨	ધી વી. સી. ટેકનીકલ હાઈસ્કૂલ	મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૩	શ્રી ડી. જે. પટેલ કન્યા વિદ્યાલય	નવા બસ સ્ટેશન પાસે, શનાળા રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૪	નવયુગ વિદ્યાલય	કન્યા છાત્રાલય પાછળ, નવા બસ સ્ટેન્ડ પાસે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૫	નિર્મલ વિદ્યાલય	કેનાલ પાસે, રવાપર રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૬	નિલકંઠ વિદ્યાલય	રવાપર રોડ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૭	સાર્થક વિદ્યાલય	કેસર બાગ પાસે, સામા કાંઠે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી

ક્રમ	પરીક્ષા કેન્દ્રનું નામ	પરીક્ષા કેન્દ્રનું સરનામું	પરિક્ષા સમય
૮	ઉમા વિદ્યાલય	ઉમા ટાઉનશીપ પાસે, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૯	દોશી એમ. એસ. & ડાભી એન. આર. હાઈસ્કુલ	પંચાસર રોડ બાયપાસ, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી
૧૦	શ્રીમતિ એમ. પી. શેઠ ગર્લ્સ હાઈસ્કુલ	વી. સી. ફાટક પાસે, વી. સી. પરા, મોરબી	સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧૬-૦૦ કલાક સુધી

વધુમાં હું આદેશ કરૂં છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં.

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓને તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ વ્યકિતઓને (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.).

(૨) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ સ્મશાનયાત્રાને.

હું એવો આદેશ કરૂં છું કે, આ હુકમ મોરબી જિલ્લામાં ઉકત નિર્દિષ્ટ વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ, તા. ૧૨મી, માહે માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી બહાર પાડ્યો.

મોરબી, ૧૨ માહે માર્ચ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ કાઢેલ હુકમ

જાહેરનામુ

નં. જે/એમએજી/હોળી-ધુળેટી/જા.નામુ/વશી-૧૧૦૩/૨૦૨૫.-આગામી તા. ૧૩-૦૩-૨૦૨૫ ના રોજ હોળી તથા તા. ૧૪-૦૩-૨૦૨૫ ના રોજ ધુળેટીનો તહેવાર આવતો હોય સમગ્ર મોરબી જિલ્લાના વિસ્તારમાં આ તહેવારની ઉજવણી થનાર છે. સદરહું તેહવારમાં પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ તેમજ ગલી/શેરીઓમાં આવતા જતા રાહદારીઓ ઉપર તથા એક બીજા ઉપર કોરા રંગ (પાવડર) પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, કેમીકલ યુકત રંગો અથવા તૈલી પાદર્થો, કે તૈલી વસ્તુઓ ફેંકતા હોય છે. જેને લીધે જાહેર રસ્તાઓ/શરીઓ/ગલીઓમાં ચાલતા જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની તેમજ જાહેર સલામતી જોખમાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવી શકયતા નકારી શકાય નહી તેમજ અમુક અસામાજિક તત્વો દ્વારા અન્ય કોમની સ્ત્રીઓ ઉપર રંગ છાંટવાના બનાવ અથવા છેડતીના બનાવ બનતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળે નહી તે સારૂ આવી પ્રવૃતિ અટકાવવી જરૂરી જણાતી હોય, પોલીસ ઈન્સપેકટરશ્રી, એલ.આઈ.બી. શાખા, મોરબીના તા. ૧૦-૦૩-૨૦૨૫ ના પત્રની વિગતે આગામી તા. ૧૩-૦૩-૨૦૨૫ થી તા. ૧૪-૦૩-૨૦૨૫ સુધી હોળી-ધુળેટી તહેવાર અનુસંધાને જાહેરનામું પ્રસિધ્ધ કરી આપવા દરખાસ્ત કરેલ છે.

જેથી હું, **એસ. જે. ખાચર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મોરબી જિલ્લા, મોરબી,** સને-૧૯૭૩ ના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૩-૦૩-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૧૪-૦૩-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

કૃત્યો :

''કોઈ પણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તાઓ ઉપર કોરા રંગ (પાવડર) પાણી ભરેલા ફુગ્ગાઓ તેમજ રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, કેમીકલ યુકત રંગો અથવા તૈલી પાદર્થો, કે તૈલી વસ્તુઓ અથવા તેવો કોઈપણ પ્રકારના પ્રવાહીઓ રાહદારીઓ કે વાહન ચાલકો ઉપર કે વાહનો ઉપર ફેંકવા નહીં અને તે માટેના સાધનો લઈ જાહેર રસ્તાઓ ઉપર દોડવું નહીં, કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિ કરવી નહીં તેમજ અન્ય કોમની લાગણી દુભાય અને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી કથળે તેવી રીતનું વર્તન કરવું નહીં.''

વિસ્તાર :

મોરબી જિલ્લાનો સમગ્ર શહેરી તથા ગ્રામ્ય વિસ્તાર.

શિક્ષા :

આ જાહેરનામાનો કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકરવાળા વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાનપત્રો અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

આજ તા. ૧૧મી, માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો લગાડી હુકમ બહાર પાડ્યો.

